**ચોપાઇ**- પછી સંત ચાલ્યા સહુ મળી, કરતા વાત વાલ્યમની વળી।
એક કહે સુણો મુનિ સાથ, કેવા રમતા નટવર નાથ ।।૧।।
એક કહે સાંભળો મરાલ, કેવી લીધીતી રમતાં ઢાલ ।
એક કહે સુણો સંત વળી, કેવો નાખતાતા રંગ વળી ।।૨।।
એક કહે સુણો મુનિરાજ, કેવા શોભતાતા મહારાજ ।
એક કહે જુવોને સંભારી, કેવી નાખતાતા પીચકારી ।।૩।।

એક કહે લટકાળો લાલ, કેવો ઉડાડતાતા ગુલાલ ।
એમ કહે માંહોમાંહિ મળી, કેવો રહ્યો તો રંગડો ઢળી ॥૪॥
ફરતા પંગત્યમાં પાક લઈ, ના ના કરતાં જાતા જોરે દઈ ।
એક કહે સુણો ઋષિરાય, લાલ આવ્યા હતા લેરમાંય ॥૫॥
આજ લીળા કરી જે દયાળે, એવી કરી નોતિ કોઈ કાળે ।
આગે અનેક ધર્યા અવતાર, બહુ જનનો કરવા ઉધ્ધાર ॥૬॥
છેતો એના એજ આ શ્રીહરિ, પણ આવી લીળા નોતિ કરી ।
આજ આપ્યાં જે સંતને સુખ, તે તો કહ્યાં જાય કેમ મુખ ॥૭॥
માટે મોટાં ભાગ્ય છે આપણાં, આજ ન રાખી મહારાજે મણા ।
એમ વાત કરતાં તે વળી, ગઈ દેશ પ્રદેશે મંડળી ॥૮॥
કરે વાત ફરે મુનિજન, એમ કરતાં વીત્યા કાંઈક દન ।
પછી આવી છે જનમાષ્ટમી, સંત આવ્યા ચડોતરે ભમી ॥૯॥
સહુ વિટિ રહ્યા વરતાલ, ઈયાં આવશે લાડીલો લાલ ।
એમ વાટ જુવે સહુ સાથ, કહે જોબને તેડ્યા છે નાથ ॥૧૦॥
વાટ જોતાં વાલ્યમજી આવ્યા, તિયાં સર્વે સંતને બોલાવ્યા ।
સંત આવી લાગ્યા પ્રભુ પાય, નાથ નિરખિ તૃપ્ત ન થાય ॥૧૧॥
દિયે દર્શન પ્રસન્ન કરે, નિજ દાસતણાં દુઃખ હરે ।
બેઠા ઉચ્ચે આસન અવિનાશ, સામું જોઈ રહ્યા સહુ દાસ ॥૧૨॥
એવે સમે અત્તર એક લાવ્યો, અલબેલાને ચર્ચવા આવ્યો ।
તેતો લઈ લીધું હરિ હાથે, ચર્ચિ સંતની નાસિકા નાથે ॥૧૩॥
ચર્ચિ નાસિકા ને બોલ્યા નાથ, તમે સાંભળજ્યો સહુ સાથ ।
બીજા ભેખ થાશે ધૂડ્યધાણી, રહેશે તમારા મુખનું પાણી ॥૧૪॥
એમ કહીને બેઠા આસન, સુણી સંત થયા છે મગન ।
પછી સંતે કર્યાં ગુણગાન, તેને સુણી રીઝ્યા ભગવાન ॥૧૫॥
આપી માથેથી સોનેરી મોળ, કાજુ કસુંબી રંગે ઝકોળ ।
પછી હરિજને હેત કરી, કાજુ કેવડાની ટોપી ધરી ॥૧૬॥
તેતો હરિએ લીધી છે હાથે, મેલી મુક્તાનંદજીને માથે ।

બીજા પાસે હતા જે મરાલ, તેને આપીયું ફુલની માળ ॥૧૭॥
પછી સુરતથી સત્સંગી આવ્યા, પૂજા પ્રભુજીને કાજે લાવ્યા ।
હાર હેમકડાં બાંયે બાજુ, વેઢ વિંટી કુંડળીયાં કાજુ ॥૧૮॥
કડી વેલ્ય ને કટિકંદોરો, માળા માદળિયાં પાયતોડો ।
શાલ દુશાલા ને જામો જરી, રેંટો ફેંટો ને પાઘ સોનેરી ॥૧૯॥
ધૂપ દીપ અગર આરતી, ફુલ કેસર કપુરબત્તી ।
એમ લઈ બહુ ઉપચાર, પ્રેમે પૂજયા છે પ્રાણઆધાર ॥૨૦॥
કરી પૂજા ને જોડ્યા છે હાથ, જન ગાય છે જયજય ગાથ ।
પછી રચ્યો છે હિંડોળો સાર, વાલો ઝુલે છે વનમોઝાર ॥૨૧॥
શોભે શ્યામળિયો ભિને વાન, વાલો ત્રોડે છે તાળીનું તાન ।
કરે કરનાં લટકાં કાજુ, જોઈ જનતણું મન રાજુ ॥૨૨॥
પછી ઉભા થયા અલબેલ, સ્થંભ ગ્રહિને દીધી છે ઠેલ ।
હાલે હિંડોળો ઝુલે છે હરિ, જયજય રહ્યા જન કરી ॥૨૩॥
એમ કરે છે લીલા અપાર, નિરખી સુખ લીયે નરનાર ।
પછી અલબેલા આગળે જન, કરી નૃત્ય ને કરે પ્રસન્ન ॥૨૪॥
પછી રાજી થયા બહુ રાજ, મળ્યા સંત મંડળને મહારાજ ।
પછી સંત ચંદન ઘસી લાવ્યા, મળી પ્રભુને પૂજવા આવ્યા ॥૨૫॥
પ્રેમે પૂજીયા પ્રાણઆધાર, કંઠે આરોપ્યા ફુલના હાર ।
ચર્ચ્યાં ચંદને ચરણ દોય, જને ઉરમાં છાપીયાં સોય ॥૨૬॥
અતિ રાજીમાં છે રંગ રસિયો, સર્વે જન તણે મન વસીયો ।
પછી થયું છે પંગત્ય ટાંણું, બેઠા સંત શોભા શી વખાણું ॥૨૭॥
જાણે બેઠી છે હંસની હાર, એકએકથી ઓપે અપાર ।
પછી મોદક લઈ મહારાજ, આવ્યા પ્રભુ પિરસવા કાજ ॥૨૮॥
જેમ જન જમાડે જીવન, બહુભાત્યનાં લાવી ભોજન ।
એમ આપે છે સુખ અપાર, તેનો કહેતાં આવે કેમ પાર ॥૨૯॥
કરાવ્યાતા હરિજને થાળ, તેતો જમ્યા સંત ને દયાળ ।
જમી બેઠા મુનિ બહુ મળી, સારી શોભે છે સંત મંડળી ॥૩૦॥

પછી નાથ કહે સંત શૂરા, આમાં કોણ કઠણ વ્રતે પુરા ।
જેવા છે આ આતમાનંદ, એવા હો તે બોલો મુનિઈંદ ॥૩૧॥
પછી સંત ઉઠ્યા જોડી હાથ, જેમ કહો તેમ કરીએ નાથ ।
કહોતો મટકું ન ભરીયે મિટે, કહોતો અન્ન ન જમીયે પેટે ॥૩૨॥
કહોતો તજીયે છાદનનો સંગ, રહીયે હિમમાં ઉઘાડે અંગ ।
કહોતો પીવું તજી દૈયે પાણી, રહીએ મૌન ન બોલીયે વાણી ॥૩૩॥
કહોતો બેસીએ આસન વાળી, નવ જોયે આ દેહ સંભાળી ।
એમ હિંમત છે મનમાંય, તમે કહો તે કેમ ન થાય ॥૩૪॥
એમ બોલ્યા જ્યારે મુનિજન, સુણી પ્રભુજી થયા પ્રસન્ન ।
કહે નાથ સુણો સાધુ શૂર, એતો અમને જણાય જરૂર ॥૩૫॥
તમે બોલ્યા તે સર્વે સાચું, બીજામાંય પણ નથી કાચું ।
એકએકથી અધિક છો તમે, એવું જાણ્યું છે જરૂર અમે ॥૩૬॥
એક વાત કહું માનો તેહ, આપણે આતમા નહિ દેહ ।
માનો ચૈતન્ય રૂપ તમારું, દુઃખરૂપ દેહ તેહ ન્યારું ॥૩૭॥
એમ કહી છે સંતને વાત, સુણી સાધુ થયા રળિયાત ।
કહે નાથ સુણો સહુ જન, પૂરો થયો ઉત્સવનો દિન ॥૩૮॥
સર્વે સધાવજયો મુનિ તમે, યાંથી ચાલશું સરવે અમે ।
એમ કહી પ્રભુજી પધાર્યા, સંતે નિખિ અંતરે ઉતાર્યા ॥૩૯॥
આપ્યાં સુખ જનને જીવને, શ્રાવણવદી અષ્ટમીને દિને ।
તેદિ કર્યો છે ઉત્સવ વાલે, કરાવ્યો જોબન વરતાલે ॥૪૦॥

**ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામ શિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીનારાયણચરિત્રે જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો એ નામે એકોતેરમું પ્રકરણમ્ ॥૭૧॥**